# Supply of Indian manufactured vaccines to neighbouring and key partner countries

January 19, 2021

## ભારતીય બનાવટની રસીઓ પાડોશી અને મહત્વનાં ભાગીદાર દેશોને પૂરી પાડવી

જાન્યુઆરી 19, 2021

1. ભારત સરકારે પાડોશી અને મહત્વનાં ભાગીદાર દેશો પાસેથી ભારતીય બનાવટની રસીઓ પૂરી પાડવા માટેની કેટલીક વિનંતીઓ પ્રાપ્ત કરી છે. આ વિનંતીઓનાં પ્રતિભાવમાં, અને કોવિડ મહામારી સામેની સમગ્ર માનવજાતની લડાઈમાં મદદ કરવા ભારતનાં રસી ઉત્પાદન અને પૂરવઠા ક્ષમતાનો ઉપયોગ કરવાની ભારતની કથિત પ્રતિબદ્ધતાનું અનુપાલન કરવામાં, અનુદાન સહાયતા હેઠળ ભુતાન, માલદિવ, બાંગ્લાદેશ, નેપાળ, મ્યાનમાર અને સેશેલ્સમાં પૂરવઠાઓ 20 જાન્યુઆરી, 2021 થી શરૂ થશે. શ્રીલંકા, અફઘાનિસ્તાન અને મોરેશિયસનાં સંબંધમાં, અમે તેઓનાં જરૂરી નિયમનકારી ક્લીયરન્સોની પુષ્ટિની રાહ જોઇ રહ્યા છીએ.

2. આરોગ્યસંભાળ પ્રદાતાઓ, ફ્રન્ટલાઈન કર્મચારીઓ અને સૌથી વધુ નિર્બળ લોકોને આવરી લેવા તબક્કાવાર રીતે અન્ય દેશોની સાથે ભારતમાં રસીકરણ કાર્યક્રમ અમલીકરણમાં છે. તબક્કાવાર પૂરવઠાની સ્થાનિક આવશ્યકતાઓને દ્રષ્ટિમાં રાખવા સાથે, ભારત આગામી સપ્તાહો અને મહિનાઓમાં તબક્કાવાર રીતે સાથીદાર દેશોને કોવિડ-19 રસીઓ પૂરી પાડવાનું ચાલું રાખશે. તે બાબત સુનિશ્ચિત કરવામાં આવશે કે વિદેશમાં પૂરવઠો પ્રદાન કરતી વખતે સ્થાનિક આવશ્યકતાઓ પૂર્ણ કરવા સ્થાનિક મેન્યુફેક્ચરરો પૂરતો સ્ટોક ધરાવતા હશે.

3. રસીઓ પૂરી પાડતા પહેલા, 19-20 જાન્યુઆરી, 2021 નાં રોજ રાષ્ટ્રિય તેમજ પ્રાંતિય સ્તરો પર મેળવનાર દેશોનાં રસીકરણ સંચાલકો, કોલ્ડ ચેઈન અધિકારીઓ, સંચાર અધિકારીઓ અને ડેટા મેનેજરો માટે વ્યવસ્થાપન અને કામગીરી પાસાઓ આવરતો તાલીમ કાર્યક્રમ હાથ ધરવામાં આવી રહ્યો છે.

4. અગાઉ ભારતે કોવિડ-19 મહામારી દરમિયાન મોટી સંખ્યામાં દેશોને હાઇડ્રોક્સીક્લોરોક્વિન, રેમ્ડેસિવિર અને પેરોસીટામોલ ટેબ્લેટ્સ, તથા નિદાનની કિટ્સ, વેન્ટિલેટરો, માસ્ક, હાથ મોજાઓ અને અન્ય તબીબી પૂરવઠાઓ મોકલ્યા હતા.

5. ભારતે કેટલાક પાડોશી દેશોને પાર્ટનરશિપ ફૉર એક્સેલરેટિંગ ક્લિનિકલ ટ્રાયલ્સ (PACT) પ્રોગ્રામ હેઠળ તેઓની તબીબી ક્ષમતાઓ વધારવા અને મજબૂત કરવા તાલીમ પણ પ્રદાન કરી છે. આ ઉપરાંત, ઈન્ડિયન ટેકનિકલ એન્ડ ઈકોનોમિક કોઓપરેશન (ITEC) પ્રોગ્રામ હેઠળ આ મહામારીનો સામનો કરવામાં આપણા અનુભવોની વહેંચણી કરવા સાથે ભાગીદાર દેશોનાં આરોગ્યસંભાળ કર્મચારીઓ અને વ્યવસ્થાપકો માટે કેટલાક તાલીમ કોર્સ પણ યોજવામાં આવ્યા છે.

6. ચાલું પ્રયાસમાં, ભારત સમગ્ર વિશ્વનાં દેશોને રસીઓ પૂરી પાડવાનું ચાલું રાખશે. આનું સ્થાનિક આવશ્યકતાઓ અને આંતરરાષ્ટ્રિય માંગ અને જવાબદારીઓ અનુસાર, વિકાસશીલ દેશોમાં GAVI ની કોવેક્સ સુવિધા હેઠળ સહિત, નિર્ધારણ કરવામાં આવશે.

**નવી દિલ્હી**
**જાન્યુઆરી 19, 2021**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.